2/211

**2509N519**

Candidate's Seat No :__________

**B.A Sem.-6 (Rep) Examination**
**CC 311**
**Gujarati**
**September-2024**

**Time : 2-30 Hours]** **[Max. Marks : 70**

---

પ્રશ્ન.1 ગાંધીયુગના સાહિત્યને પ્રેરનાર પરિબળો જણાવી, ગાંધીયુગના સાહિત્યની પ્રમુખ લાક્ષણિકતાઓ સમજાવો. 14

અથવા

પ્રશ્ન.1 ઉમાશંકર જોશીના સમગ્ર સાહિત્યનો પરિચય કરાવી, ટૂંકીવાર્તાક્ષેત્રે તેમનું પ્રદાન વર્ણવો.

પ્રશ્ન.2 અનુગાંધીયુગના સાહિત્યની વ્યાવર્તક લાક્ષણિકતાઓની સવિસ્તાર ચર્ચા કરો. 14

અથવા

પ્રશ્ન.2 રાજેન્દ્ર શાહ અને નિરંજન ભગતની કવિતાને તુલનાત્મક રીતે મૂલવી બંને વચ્ચેની મુખ્ય લાક્ષણિકતાઓનો ભેદ સ્પષ્ટ કરો.

પ્રશ્ન.3 આધુનિકયુગની બે પ્રમુખ કૃતિઓ 'પેરેલિસિસ' અને 'નાઈટમેર'નો વિગતે પરિચય કરાવો. 14

અથવા

પ્રશ્ન.3 નારીવાદની ચર્ચા કરી 'કાદંબરીની મા'ની કથાવસ્તુ આલેખો.

પ્રશ્ન.4 વિવેચનાત્મક નોંધ લખો ( કોઈ પણ બે ) 14

1. 'જનમટીપ' શીર્ષકનું ઔચિત્ય
2. 'પિયો ગોરી' કૃતિ પરિચય
3. જયંત ખત્રી સર્જક પરિચય
4. સાહિત્યમાં દલિત ચેતના

પ્રશ્ન.5 નીચેના પ્રશ્નોના ઉત્તર યોગ્ય વિકલ્પ પસંદ કરી આપો. ( કોઈ પણ સાત ) 14

1. ગાંધીયુગનો સમયગાળો કયો છે ?

અ. ૧૮૮૫ – ૧૯૧૫ બ. ૧૯૧૫ – ૧૯૫૦ ક. ૧૯૩૦ – ૧૯૬૦ ડ. ૧૯૪૮- ૧૯૭૦

2. ગાંધીયુગના સાહિત્યકારોને ગાંધીજીએ સાહિત્ય સંદર્ભે કયો આદર્શ આપ્યો ?

અ. ભાષાસાદગી બ. અલંકૃતભાષા ક. આધુનિકતા ડ. સત્યપ્રિયતા

P.T.O

NJ19.2

3. ગુજરાતી સાહિત્યના કયા બે નવલકથાકારોને જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો છે ?

અ. નિરંજન ભગત – રાજેન્દ્ર શાહ બ. ઉમાશંકર જોશી – દર્શક

ક. પન્નાલાલ પટેલ – રઘુવીર ચૌધરી ડ. ક.મા. મુનશી – વીનેશ અંતાણી

4. ઉમાશંકર જોશીને 'નિશીથ' કાવ્યસંગ્રહ માટે જ્ઞાનપીઠનું પૂરેપૂરું ઇનામ મળ્યું હતું . આ વિધાન વિશે આપનો મત જણાવો .

અ. આ વિધાન ખોટું છે બ. આ વિધાન સાચું છે ક. આ વિધાન અસ્પષ્ટ છે. ડ. આ વિધાન અર્ધસત્ય છે

5. 'ગુજરાતી કવિતાને ચિંતનમાંથી સૌન્દર્ય તરફ વળવાની ગતિ હરિશ્ચંદ્રે આપી'.-આ વિધાન કોનું છે ?

અ. ઉમાશંકર જોશી બ. નગીનદાસ પારેખ ક. ધીરુભાઈ ઠાકર ડ. હરિવલ્લભ ભાયાણી

6. કયા કવિની કવિતાને ઉમાશંકર જોશીએ "આંખ,કાન,નાકની કવિતા" કહી છે ?

અ. નિરંજન ભગત બ. પ્રહ્લાદ પારેખ ક. કૃષ્ણલાલ શ્રીધરાણી ડ. પ્રિયકાંત મણિયાર

7. નગરસંસ્કૃતિની વિષમતાઓને તીવ્રતાથી નિરૂપતાં કાવ્યો સૌ પ્રથમ કયા કવિ પાસેથી મળ્યા ?

અ. પ્રિયકાંત મણિયાર બ. પ્રહ્લાદ પારેખ ક. કૃષ્ણલાલ શ્રીધરાણી ડ. નિરંજન ભગત

8.પોતાની કઈ નવલકથાને સુરેશ જોષીએ 'લખવા ધારેલી નવલકથાનો મુસદ્દો' કહીને ઓળખાવી છે?

અ. છિન્નપત્ર બ. વિદુલા ક. મરણોત્તર ડ. રિક્તરાગ

9. કચ્છના રણપ્રદેશનો પરિવેશ ધરાવતી 'ધાડ' વાર્તા કોની છે ?

અ. જયંત ખત્રી બ. ધીરેન્દ્ર મહેતા ક. સુન્દરમ ડ. મોહન પરમાર

10. ' સાચા કલાકારે તો ઘટનાની શોધમાં નીકળવું જોઈએ ' – આ વિધાન કયા કથાલેખકનું છે ?

અ. સુરેશ જોષી બ. રઘુવીર ચૌધરી ક. ચંદ્રકાંત બક્ષી ડ. ઉમાશંકર જોશી

11. અનુગાંધીયુગની કવિતા માટે ' છંદનું માધુર્ય અને વાણીનું મૃદુતાભર્યું ડોલન આ નવીન કવિતાનું ખાસ આકર્ષણ છે....'. એવું કોણે કહ્યું ?

અ. ધીરુભાઈ ઠાકર બ.ઉમાશંકર જોશી ક.અનંતરાય રાવળ ડ. પ્રમોદ પટેલ

12. નીચેનામાંથી કઈ કૃતિ જોસેફ મેકવાનની છે ?

અ. મલક બ. ચમારચાલ ક. વ્યથાનાં વીતક ડ. ગીધ

—x—